# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/051 Dt. 17/07/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## વ્યવસાયિકોને માર્ગદર્શન આપવા ચેમ્બરે કાઉન્સેલીંગ સેન્ટર શરૂ કર્યું

### આ કાઉન્સેલીંગ સેન્ટર દર મહિનાના પહેલા અને ત્રીજા બુધવારે સાંજે ૪:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ અને ધંધા સાથે જોડાયેલા નાનાથી મધ્યમ વર્ગના ઉદ્યોગ સાહસિકો તેમજ વ્યવસાયિકોને માર્ગદર્શન આપવા તેમજ તેમના નાના – મોટા પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે બુધવાર, તા. ૧૬ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકથી સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કાઉન્સેલીંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હંમેશા ઉદ્યોગ જગતના સર્વાંગી વિકાસ માટે પહેલ કરવામાં આવે છે, જેના હેઠળ આ નવા ઉપક્રમનો આરંભ થયો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કાઉન્સેલીંગ સેન્ટર હેઠળ વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા મફતમાં માર્ગદર્શન આપવાની શરૂઆત થઇ છે, જેમાં ખાસ કરીને એક્ષ્પોર્ટ–ઇમ્પોર્ટ, એમએસએમઇ, સ્ટાર્ટ–અપ, રેવન્યુ સંબંધિત પ્રશ્નો, લોન અને સબસિડી યોજના તેમજ ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ કિલનિક જેવી મહત્વપૂર્ણ સેવા આપવામાં આવી રહી છે. આ કાઉન્સેલીંગ સેન્ટર થકી ઉદ્યોગ–ધંધાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે, જેથી તેઓ પોતાના ઉદ્યોગમાં વધુ પ્રગતિ કરી શકે એ ચેમ્બરનો મુખ્ય હેતુ છે.

ગતરોજ ટેક્ષ્ટાઇલ સંદર્ભે ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, એક્ષ્પોર્ટ–ઇમ્પોર્ટ સંદર્ભે શ્રી અમિત મુલાણી, એમએસએમઇ સંદર્ભે સીએ મનિષ બજરંગ, સ્ટાર્ટ–અપ સંદર્ભે સીએ મયંક દેસાઇ, રેવન્યુ સંદર્ભે એડવોકેટ શ્રી અજય મહેતા, લોન એન્ડ સબસિડી સંદર્ભે સીએ રાજીવ કપાસિયાવાલા અને ડાયમંડ સંદર્ભે શ્રીમતી જિલ્પાબેન શેઠ દ્વારા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ જેવા સુરતના મુખ્ય ઉદ્યોગ ક્ષેત્રો માટે વિશિષ્ટ ક્લિનિક સપોર્ટ રાખવામાં આવ્યા છે, જ્યાં ઇન્ડસ્ટ્રી એક્ષ્પર્ટ દ્વારા ઉદ્યોગ સાહસિકોને સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવી રહયું છે. સ્ટાર્ટ–અપ્સ અને યુવાનો માટે બિઝનેસ મોડલ, રજિસ્ટ્રેશન, લોન, ટેકનિકલ સહાય વિષે માર્ગદર્શન આપવામાં આવી રહયું છે. લોન અથવા સબસિડી માટે જરૂરી દસ્તાવેજોની સમજૂતી, અરજી પ્રક્રિયા વગેરે બાબતે પણ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવાની ગતરોજથી શરૂઆત કરવામાં આવી છે.

આ કાઉન્સેલીગ સેન્ટર મહિનાના પહેલા અને ત્રીજા બુધવારે સાંજે ૪:૦૦થી સાંજે ૬:૦૦ કલાક સુધી સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાશે.

કાઉન્સેલિંગ સેન્ટરના પ્લેટફોર્મથી વિવિધ સરકારી વિભાગો, બેંકો અને ઔદ્યોગિક સંગઠનો સાથે પણ સંકલન કરી ઉદ્યોગકારોને જરૂરી જાણકારી પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, સમયાંતરે વિવિધ વિષયો પર શોર્ટ ટર્મ ટ્રેઇનિંગ કે વર્કશોપનું આયોજન કરીને પણ ઉદ્યોગકારોને વિસ્તૃત માહિતી આપવામાં આવશે.